ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

છોડે, કોઈને ફોડે, નિર્મૂલન વેંત-હાથમાં છે,
પોચો પડેલ પંજો હવે કમળના હાથમાં છે,
સત્તાનો લાડુ જોઈ, સિદ્ધાંત સેવા ભૂલે સેવકો -
'સત્તા-સંગઠનનો પ્રમુખ' એંઠવાડ હાથમાં છે.
(પક્ષપલ્ટુઓનું સ્વાગત)

હાઈકુ

કરી વિઝીટ,
છપ્પન વિદેશોની -
છાતી પ્રમાણે...

શ્રી ઉર્જિત નું
અરણ્યમાં રૂદન
સાંભળે કોણ?!
(ખેડૂતોનાં દેવાં માફ ન થાય)

ચિંતન

ભાનુ પીઠિ સેઈ અ ઉર આગી,
સ્વામિહિ સર્બ ભાવ છલ ત્યાગી ॥

ઉપરોક્ત ચોપાઈ કિષ્કિન્ધાકાંડમાંથી લેવામાં આવેલ છે.

સૂર્યનું પીઠથી અને અગ્નિનું સામેથી સેવન કરવું જોઈએ. પરંતુ સ્વામીની સેવા તો છલ છોડી, સર્વભાવથી, મન કર્મ વચનથી કરવી...

આજકાલ ઘરનોકર-સેવકો પોતાના શેઠ-સ્વામીજી એકલાં વૃદ્ધ દંપત્તિ રહેતા હોય તેનો સંપૂર્ણ વિશ્વાસ કેળવીને તેમની સેવા કરતા રહે છે પરંતુ મનમાં 'કુભાવ'થી શેઠ-માલિકનું ધન પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય છે. નોકર-ચાકરે-કર્મચારીએ પોતાના માલિકની હૃદયપૂર્વક - કર્તવ્ય ભાવથી ફરજ સમજીને સેવા કરવી જોઈએ.

સૂર્યનો તડકો પીઠથી લેવો જોઈએ અને હોળીનો તાપ હૃદયથી - છાતી પર લેવો જોઈએ. માલિકની સેવા-સેવન સર્વાંગે કરવી જોઈએ.

સુવિચાર

- ઘસ્યા વગર તો રત્નો પણ ચમકતા નથી, પહેલ પાડ્યા વગર હીરા બનતા નથી અને પડકારો વિના કોઈ સફળ બની શકતું નથી - **લાઓત્સે**
- પાંચેય ઈન્દ્રિયો અને છઠ્ઠું મન, એનો સદ્‌ઉપયોગ સુખ આપે છે અને દુરુપયોગ સર્વનાશનું કારણ બની જાય છે - **ઝેન કથન**
- જેને હોશ છે, તે પોતાની ક્ષમતાથી વધારે નિર્ણય નથી લેતો, જો તમે બતક નથી તો પાણી પર ચાલવાનું કેમ વિચારો? - **એસ. ભટ્ટાચાર્ય**
- જેને બહુ અભિમાન હતું તેમનું પતન એ અભિમાન ને કારણે જ થયું, પોતાની સાચી તપાસ ન કરવી પરાજયનું કારણ બની શકે છે - **સંત રોબિન**
- મોટેથી વિના કારણ ઘાંટા પાડીને બોલવા વાળા જૂઠ્ઠા જ હોય છે. સત્ય ધીમું બોલવા છતાં સત્ય જ રહે છે - **ઓશો**
- કોઈ પણ હાલતમાં પોતાની ભાવનાઓ ને કાબુમાં રાખનાર બળવાન હોય છે - **હજરત મહમ્મદ**
- આજનું ઔષધ - હળદર અને કાથાનું બારીક ચૂર્ણ શીતળાના જામી ગયેલા ઘા પર ભભરાવવાથી ફાયદો થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણો દેશ ખેતી અને ગરીબીપ્રધાન દેશ છે માંડ દસ-પંદર ટકા ધનપતિઓ છે જે ત્રણ-ચાર શહેરોમાં કે ઉદ્યોગો સ્થાપી બેઠા છે. એમના વધુ વિકાસ માટે ટ્યૂબ અને મેટ્રોની જરૂર નથી પણ ગરીબોને કેમ રોજગારી મજૂરી મળે એવા ગૃહ-નાના ઉદ્યોગ વિષે વિચારવું જોઈએ. ગાંધીજીએ એક ગરીબ સ્ત્રીને એકનું એક વસ્ત્ર ધોઈ સૂકવી એ જ પાછું પહેરવા જોઈ પોતળી પહેરનારનો નિશ્ચય કર્યો. સંત મહાત્મના કોમળ ચિત્ત આમ જ આઘાત અનુભવે છે.

એક સંત મહાત્મા ગંગા સ્ન કરી પછી હિમાલયમાં જઈ એકાંત ખૂણે - ગુફામાં બેસી તપ કરવા જવાના હતા. શીતળ પાણીમાં સ્નાન કરતા સાધુએ જોયું કે એક સ્ત્રીએ બાળકનું પહેરેલું વસ્ત્ર ઉતારી લીધું અને તેને ગંગા નદીમાં વહેતો મૂકી દીધો.

સંત દોડ્યા સ્ત્રીને પુછ્યું - માઈ! તેં આ શું કર્યું. મૃત બાળકના શરીર પર વસ્ત્ર કેમ કાઢી લીધું?

મા'રાજ એમાંથી મને એક દિવસનો રોટલો મળશે! મારી પાસે બીજું કંઈ નથી...

સંતે હિમાલય જવાને બદલે દેશમાં ગરીબોની સેવા કરવાનો નિર્ણય કરી લીધો.

આ સંત સન્યાસી દયાનંદ સરસ્વતી.

ઉત્તરપ્રદેશને ઉત્તમ બનાવશે યોગી

તંત્રીસ્થાનેથી...

યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશનું સુકાન સંભાળ્યા પછી ત્વરિત ગતિએ નિર્ણયો કરવા માંડ્યા છે. ચૂંટણી વચનોનું ઝડપી અમલીકરણ કરી તેઓ એક કર્મઠ રાજનેતા તરીકેની છાપ ઊભી કરી શક્યા છે. એ જુદી વાત છે કે એમની મૂળ ઈમેજ કટ્ટર હિંદુત્વવાદી નેતા તરીકેની હોઈ એમના આ પ્રકારના નિર્ણયોને મીડિયા અને કહેવાતા પ્રગતિશીલ વિચારકો સાંપ્રદાયિક તેમ જ જૂનવાણી ગણાવે છે, પણ યોગી તો આખરે યોગી જ છે - એમની અસલ ઓળખાણનો એમનો વસવસો ન જ હોય. હિંદુત્વવાદી વલણનો અમલ કરનારી હિંદુ યુવા વાહિનીના ત્રાસદાયક વર્તન કે યોગીના વિવાદાસ્પદ નિર્ણયો વચ્ચે જયારે મહાપુરુષોની જન્મજયંતિ અને પુણ્યતિથિ જેવા દિવસોએ અત્યાર સુધીની પરંપરા મુજબ રજા રખાતી હોવાના નિર્ણય પર કાતર ફેરવવાની ક્રાંતિકારી બાબત આવી જાય ત્યારે તો એમના ટીકાકારોએ પણ એમની પ્રશંસા જ કરવી રહી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જયંતિ પ્રસંગે લખનૌના આંબેડકર સંકુલમાં યોજાયેલ કાર્યક્રમ દરમિયાન એમણે જે વિચારો વ્યક્ત કર્યો તે ફક્ત કરવા ખાતર નથી કર્યા. યોગી સરકાર હવે મહાપુરુષોની તિથિ પર શાળાઓમાં રજા પાળવાની પ્રથા બંધ કરવા કૃતસંકલ્પ છે. એમની દલીલમાં તથ્ય છે કે આવી રજાઓ આપી દેવાથી બાળકો કે શિક્ષકો જે - તે મહાપુરુષ વિશે કશું મનન-ચિંતનન કરવાને બદલે ફક્ત રવિવારની જેમ એવી રજાઓનો મનોરંજન ખાતર જ ઉપયોગ કરે છે. એ કરતાં આવી તિથિએ શાળા ચાલુ રાખી એ મહાપુરુષો વિશે ચર્ચાસભા યોજાય તે વધુ ઈષ્ટ ગણાશે. એથી વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થશે અને શિક્ષકોએ પણ પોતાના ભવ્ય ભૂતકાળ સંદર્ભે સજ્જ રહેવું પડશે. આંબેડકર કે ગાંધીજી જેવા મહાનુભાવોની તિથિઓ પ્રસંગે વિભૂતિઓ વિશે નવી પેઢી સવિશેષ જાગ્રત બનશે અને એમના જીવનકાર્યોમાંથી પ્રેરણા મેળવી શકશે. યોગી આદિત્યનાથ શું રામનવમી અને જન્માષ્ટમી કે શિવરાત્રી જેવી ધાર્મિક રજાઓ પણ પણ આ જ વિચારસરણી લાગુ પાડશે? જો એટલું સાહસ કરી શકશે તો એક તરફ એમની કર્મઠતાની વાહ વાહ થશે પણ બીજી તરફ છાશવારે કોઈને કોઈ નિમિત્તે રજા ભોગવવા ટેવાઈ ગયેલ કર્મચારીગણની નારાજગી વહોરવાની પણ તૈયારી રાખવી પડશે. આદિત્યનાથે સુકાન સંભાળ્યું તે પહેલાં જ અગાઉની સપા સરકારે રાજયમાં ૪૨ રજાઓ જાહેર કરેલી છે. એ પૈકીની ૧૭ રજાઓ તે જાતિગત ગણિત પર આધારિત છે. એમાં શનિ-રવિની રજાઓ ઉમેરતાં વરસના ૩૬૫ દિવસો પૈકી ૧૪૬ દિવસો દરમિયાન ઑફિસો બંધ રહેશે. યોગી આદિત્યનાથ કામઢા રાજનેતા છે. એ આવા આળસુ કર્મચારીઓને પણ કામે લગાડશે તો પછાત રાજયોની શ્રેણીમાં આવી ગયેલું ઉત્તરપ્રદેશ વિકાસના રાજમાર્ગ પર આગળ વધશે એમાં શંકાને સ્થાન નથી. આખરે યોગી એમના ઉત્તરપ્રદેશને 'ઉત્તમ પ્રદેશ' બનાવવા તો માગે જ છે!

સર્પસંદર્ભ - પુસ્તક : સર્પજ્ઞાન - ગુજરાતી ભાષામાં



વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

સાપ એક એવો જીવ કે જેનાથી બધા જ પરિચિત છે તેનાથી વધુ ભયભીત છે. તેનું મુખ્ય કારણ સાપ વિશેની અધુરી માહિતી અને પુરતી જાણકારીનો અભાવ.

આપણા દેશમાં વનસ્પતિ અને પ્રાણી વિષયક પુસ્તકો અને અન્ય સાહિત્યનો સ્થાનિક ભાષામાં અભાવ જણાય છે. આ વિષયક મોટાભાગના પુસ્તકો કે સાહિત્ય અંગ્રેજી ભાષામાં મળી આવે છે. તેનું મુખ્ય કારણ ભારત દેશની સ્વતંત્રતા પહેલાં બ્રિટીશ રાજય સમયે બ્રિટીશરો દ્વારા આ વિષયના નિષ્ણાંતોએ સંશોધનો અને પ્રત્યક્ષ અવલોકનોને આધારે લેખન કર્યું. ભારતની જૈવિક વિવિધતાનું આલેખન કે નિરુપણ આ રીતે શરુ થયું. આ બધામાં મુખ્ય એક વાત રહી કે આ વિષયના વિદ્યાર્થીઓ, રસિકો કે સંશોધકો તેની અંગ્રેજી ભાષાના જાણકાર હોય ત્યારે તેની ઉપયોગીતા મહત્વની બની ગઈ. પરંતુ સામાન્યજન માટે આ વિષયો રસ હોવા છતાં સ્થાનિક કે માતૃભાષા ઉપલબ્ધ ન હોઈ. આ વિષયના જ્ઞાન કે જાણકારીનો અભાવ સતત વર્તાતો રહ્યો હતો અને આજની તારીખે ઈન્ટરનેટ થકી 'ગુગલ' જેવા જ્ઞાનના ભંડારો ખુલ્લા હોવા છતાં અંગ્રેજી ભાષાને કારણે જાણે કે બિનઉપયોગી બની રહ્યા છે.

ગુજરાતી ભાષામાં વનસ્પતિઓ કે વૃક્ષો વિશેની માહિતી આયુર્વેદ તથા વૈદ્યરાજાને કારણે પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમ કહી શકાય. પરંતુ પશુ-પક્ષીઓ કે કીટકો-જંતુઓની વાત આવે તો ગુજરાતી ભાષામાં તેનું સાહિત્ય ઉપલબ્ધ નથી તેમ કહેવું ખોટું નથી.

અહીયા જયારે સાપ વિશે વાત કરીએ છીએ ત્યારે આજથી ૧૭ વર્ષ પહેલા ઓકટોબર - ૧૯૯૯માં દાહોદ રહેવાસી એવા અજયભાઈ દેસાઈ દ્વારા 'સર્પ-સંદર્ભ' પુસ્તક ગુજરાતી ભાષામાં મુકાયું. અજય દેસાઈ વાણિજ્ય સ્નાતક છે. પરંતુ તેમ ના પિતા મહેન્દ્રભાઈ દેસાઈ દ્વારા વારસામાં પ્રકૃતિ પ્રેમ મળ્યો. પક્ષીદર્શન દ્વારા વારસામાં પ્રકૃતિ પ્રેમ મળ્યો. પક્ષી દર્શન મુખ્ય શોખ પરંતુ સાપ બચાવ કાર્ય કરતાં કરતાં સર્પો પ્રત્યે લગાવ વધી ગયો અને તેમ કરતાં કરતાં સર્પો વિશેની માહિતી - જાણકારી પ્રાપ્ત કરતા ગયા અને તેને પુસ્તક સ્વરુપમાં મુકવાની કાર્યવાહી હાથ ધરાઈ.

'સર્પ સંદર્ભ' ગુજરાતી ભાષામાં ગુજરાતના બધા જ સાપોના રંગીન ફોટાઓ સાથેનું આ પ્રકારનું પ્રથમ પુસ્તક કહી શકાય. આજે આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે. ત્યારે આ પુસ્તકની લોકપ્રિયતા તથા સાપની માહિતીની આવશ્યકતા સમજી શકાય તેમ છે.

આ પુસ્તક પ્રકાશિત થયા બાદ ગુજરાતમાં સર્પોની જાણકારી તથા બચાવકાર્ય વૃદ્ધિ થયેલ જોવા મળેલ છે. આજે સમગ્રમાં દેશમાં સર્પ વિશે માહિતી ધરાવતા તથા સર્પોનો બચાવ કરતા લોકોની સંખ્યામાં ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકમાં હશે તેનું કહીએ તો ખોટું નહીં ગણાય.

'સર્પ સંદર્ભ' - પુસ્તકમાં રાજયમાં જોવા મળતાં કુલ ૬૧ સાપોના રંગીન ફોટા, ગુજરાતી નામો તથા ગુજરાતી ભાષામાં તેનું કુટુંબ, દેખાવ, કદ, વિતરણ, વર્તણૂંક ઝેરી છે કે બિનઝેરી જેવી વિસ્તૃત માહિતી ઉપલબ્ધ બનેલ છે.

આ કારણે ઝેરી - બિનઝેરી સાપોની ઓળખ સામાન્ય જન સુધી પહોંચેલ હોઈ સર્પ સંરક્ષણ વધુ સરળ બની જતાં સાપોનાં સંરક્ષણનું મોટું મહત્ત્વનું કાર્ય થઈ રહ્યું છે. ઝેરી સાપોને ઓળખવા, પકડવા, બચાવવાને મુક્ત કરવાની માહિતી - માર્ગદર્શન ઉપલબ્ધ હોઈ તેવા સાપોનો બચાવ કરવાનો અભિગમ પણ વિકસ્યો છે.

ઝેરી સાપ કરડે તો ત્યારબાદની તુરંત આપવાની થતી પ્રાથમિક સારવારની માહિતીને કારણે ઝેરી સાપથી મૃત્યુ થતાં કિસ્સાઓ ઘટાડવામાં મદદરૂપ બની રહેલ છે.

'સર્પ સંદર્ભ' એક જીવપ્રેમી વ્યક્તિ દ્વારા જે તે જીવ વિશે રસ કેળવણી માહિતીરુપમાં પુસ્તક સ્વરુપે મુકવાની ઉત્તમ સિદ્ધિનું ઉદાહરણ છે.

કેટલીક જુની પરંપરા : વૈજ્ઞાનિક સત્ય અને તથ્ય

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ભારતીય સમાજ અને સંસ્કૃતિ આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે. એની રીતિ, રિવાજ, પરંપરા, માન્યતા, પ્રથા, વ્યવસ્થા આ બધાનું એક ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક અને વૈજ્ઞાનિક મૂલ્ય પણ છે. સમયની ગણતરી હજારો વર્ષ પૂર્વે સઉ પ્રથમ આપણા ઋષિમૂનિઓએ સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે કરી બતાવી છે. ઘડિયાળનો જન્મ તો હમણા થયો છે. આ તારીખ, વાર, મહિના અને ઋતુ પણ આપણા આ વૈજ્ઞાનિક ઋષિઓએ હજારો વર્ષ પહેલા બ્રહ્માંડમાં પૃથ્વી, ચન્દ્ર અને સૂર્યની પરિભ્રમણ ક્રિયાને આધારે વેદોમાં આલેખ્યા છે. આ બધુ પ્રથમ દૃષ્ટિએ આપણને ધાર્મિક લાગે પણ હવે એ સાબિત થઈ ગયું છે કે આ બધી ગણતરી – માન્યતા અત્યંત સચોટ અને વૈજ્ઞાનિક છે.

આજે આપણા સમાજમાં કેટલીક પ્રથા, પરંપરા પ્રચલિત છે જે આપણે જાણે અજાણ્યે નિભાવીયે તો છીએ. કદાચ સંસ્કાર માનીને કે પરંપરા માનીને કે આદત ટેવ મુજબ. પરંતુ એની પાછળના વૈજ્ઞાનિક કારણની ઘની વખત આપણને ખબર હોતી નથી. ખાસ કરીને આજની નવી પેઢીને. તો અહી આજે એવી કેટલીક પ્રથા, પરંપરા પાછળની ધાર્મિક અને વૈજ્ઞાનિક તર્ક શું છે તે અહીં જોવાનો ઉપક્રમ છે. જેથી આપણને ખ્યાલ આવે આ બધાનું જીવનમાં કેટલું ઉપયોગી છે.

(૧) બે હાથ જોડીને પ્રણામ કરવા.

આપણે જયારે કોઈ વડિલ, સન્માનનીય વ્યક્તિને મળીએ છીએ ત્યારે બે હાથ જોડીને એમને નમસ્કાર કરીએ છીએ. આ પરંપરા આપણે ત્યા યુગોથી ચાલી આવે છે.

આની પાછળનો વૈજ્ઞાનિક તર્ક એવો છે કે બે હાથ જોડતી વખતે આપણા બન્ને હાથની આંગળીઓના ટેરવા એક બીજાના સંપર્કમાં આવે છે. અને એમની ઉપર દબાણ પડે છે. તો એક્યુપ્રેશરને કારણે એની સીધી અસર આપણી આંખો, કાન અને મગજ ઉપર થાય છે. જેને કારણે આપણી યાદશક્તિ વધે છે. અને સામેની વ્યક્તિને આપણે લાંબા સમય સુધી યાદ રાખી શકીએ છીએ. બીજો તર્ક એવો છે કે પશ્ચિમની સંસ્કૃતિમાં હાથ મિલાવવામાં આવે છે. આપણે એવું કરવાને બદલે એકબીજાને નમસ્તે કરીએ છીએ. કેમ કે હાથ મિલાવવાથી સામે વાલી વ્યક્તિના શરીરના કિટાણુંઓ હાથના સ્પર્શ દ્વારા આપણા શરીરમાં પ્રવેશે છે. જો સામેવાલાને સ્વાઈનફ્લૂ જેવો કોઈ ચેપી રોગ છે તો એ આપણામાં પણ પ્રવેશવાનો ભય રહેલો છે. તેથી હાથ મિલાવવા કરતા ''નમસ્તે'' વધુ વૈજ્ઞાનિક છે.

(૨) ચરણ સ્પર્શ કરવો

આ ૨૧મી સદીનો આપણી અંદરનો સૌથી મોટો અને વ્યક્તિગત, પારિવારિક નૂકશાન પહોંચાડતો વાયરસ '' અહંકાર '' (ઈગો) છે. અને જો આપણા મનમાં જો સહેજેય કોઈપણ પ્રકારનો અહંકાર (ઈગો) હશે તો આપણે કોઈને નમી શકતા નથી. તેથી ચરણ સ્પર્શ કરવાથી આપણી અંદરનો ઈગો નાશ પામે છે. બીજો ફાયદો એ છે કે આપણે કોઈને નમીએ છીએ, સામેની વ્યક્તિના ચરણ સુધી વાંકા વળીએ છીએ અને બન્ને હાથોથી તેમના ચરણના અંગૂઠાને સ્પર્શીએ છીએ આ ખરેખર પ્રાણાયામની ક્રિયા થાય છે. જેનાથી આપણું શારીરિક સૌષ્ઠવ જળવાઈ રહે છે. સ્વાસ્થ્ય સારું રહે છે. વળી આપણે જેને નમીએ છીએ, ચરણસ્પર્શ કરીએ છીએ એ વડિલ વ્યક્તિ, અનુભવી, જ્ઞાની કે વિદ્વાન વ્યક્તિ હશે. એની પાસે વર્ષોની તપસ્યાની એક ઉર્જા હશે. જે એમના હાથ આપણા માથે મૂકીને આપણને એમની એ સકારાત્મક ઉર્જા આપે છે. જે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી બાબત છે.

પ્રત્યેક વ્યક્તિનું એક આભાવર્તૂળ હોય છે. જેને આપણે '' ઓરોમંડળ'' તરીકે પણ ઓળખીએ છીએ. જેમાં વ્યક્તિના સ્વભાવ અને સંસ્કાર પ્રમાણે નકારાત્મક કે સકારાત્મક ઊર્જાના વલયો કાર્યરત હોય છે.અને આ ઊર્જાના સ્ત્રોત પગના અંગૂઠાથી અને હાથની હથેળીમાંથી બહાર નીકળતા હોય છે. જે ચરણસ્પર્શ કરવાથી આપણે એ મેળવીએ છીએ. અને આ ઊર્જાનો આવિર્ભાવ આપણા મસ્તક ઉપરથી આપણામાં પ્રવેશે છે. કોઈને પગે લાગતી વખતે માથે હાથ મૂકવા પાછળનું આ ધાર્મિક નહીં પણ વૈજ્ઞાનિક કારણ છે. આપણા શરીરમાં કોઈપણ પ્રકારની શક્તિનો પ્રવેશ આપણા મસ્તક ઉપરના બ્રહ્મરંધથી થાય છે. પહેલાના યુગમાં બ્રાહ્મણો માથે ચોટલી એટલે જ રાખતા જે ખરેખર ઐશ્વર્ય શક્તિનું એન્ટેના હતી. જેનાથી તેઓ બ્રહ્માંડમાં રહેલી સકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરીને શક્તિશાળી બનતા હતા.

(૩) પીપળાની પૂજા

આપણે ત્યા યુગોથી પીપણાની પૂજા કરવામાં આવે છે. વળી ભગવતગીતામાં શ્રી કૃષ્ણએ પણ કહ્યું છે કે વૃક્ષમાં હું પીપળો છું. વળી એક કહેવત પણ છે કે ''ભૂતનું સ્થાન પીપળો'' ... આ બધી માન્યતાઓની પાછળનું એક જ કારણ છે કે પીપળાની સૂરક્ષા. આપણે એવું માનીએ છીએ કે પીપળાની પૂજા કરવાથી ભૂતપ્રેત દૂર ભાગે છે. તેથી પીપળો સર્વત્ર પૂજાય છે. પીપળાને કોઈ કાપતું નથી. અને તે સૂરક્ષિત રહે છે.

આની પાછળનો વૈજ્ઞાનિક તર્ક એવો છે કે એની પૂજા કરવાથી સમાજમાં લોકોના મનમાં એના પ્રત્યે સન્માન થશે એને કાપશે નહીં કેમ કે પૃથ્વી ઉપર પીપળો એક માત્ર એવું વૃક્ષ છે કે જે રાત્રે પણ ઓક્સીજન છોડે છે. જ્યારે બીજા વૃક્ષો ખુબ ગુણકારી હોવા છતાંય રાત્રે કાર્બનડાયોક્સાઈડ છોડે છે. પણ પીપળો ઓક્સીજન છોડે છે. તેથી પૃથ્વી ઉપર જેમ પીપળાની સંખ્યા વધારે માનવજીવન વધુ સરળ રહે છે.

(૪) તુલસીના વૃક્ષની પૂજા

તુલસીની પૂજા કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને શાંતિ બની રહે છે. એવી માન્યતા છે. તુલસીનું નામ વૃંદા છે.

વૈજ્ઞાનિક તર્ક પ્રમાણે તુલસી આપણી ઈમ્યુન સિસ્ટમને મજબૂત કરે છે. વળી તુલસીના પાંદડાનો રસ શરીરની ઘણી બિમારીઓને દૂર કરી શકે છે. દરરોજ તુલસીના પાંદડા પાણીમાં નાખવાથી કે સવારે ચાવી જવાથી આરોગ્ય માટે ખુબ જ ફાયદાકારક છે.

(૫) વ્રત ઉપવાસ કરવા

આપણી વાર તહેવારે પૂજાપાઠ અને વ્રત ઉપવાસ કરવાની પરંપરા ૨૧મી સદીમાં પણ અકબંધ છે. એની પાછળનું વૈજ્ઞાનિક તથ્ય એ છે કે આયુર્વેદ અનુસાર વ્રત કરવાથી (એક દિવસ ભૂખ્યા રહેવાથી) શરીરની પાચન ક્રિયા સારી બને છે. અનાજને બદલે ફળાહાર લેવાથી શરીરમાં

અનુસંધાન પાના નં. ૭ પર

કોયલ... કેરી... તડબુચ... લીમડો... ગુલમહોર... કેસુડાં... એસી... આઈસ્ક્રીમ ...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

''રે આવ્યો કાળ ઉનાળો અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળજટાળો રે આવ્યોપ. એના શ્વાસે શ્વાસે સળગે ધરતી કેરી કાયા; એને પગલે પગલે ઢળતા પ્રલય તણા પડછાયાપ. ભરતો ભૈરવ ફાળો. રે આવ્યો કાળ ઉનાળો પ. ''(જયંત પાઠક) કોઈને એમ પૂછોને કે તમારી મનગમતી ઋતુ કઈ? તો ૧૦૦ માંથી ૯૮ ના જાવાબ કા તો શિયાળો હશે અને કોઈ પાણીપ્રેમીનો જવાબ ચોમાસું હશે, પણ હરામ બરોબર જો કોઈ એમ કહે કે 'આઈ લવ સમમ્મ્મ્મર'! ભણતા ત્યારે નિબંધ આવતો કે 'મને ઉનાળો ગમે છે' અથવા તો 'ઉનાળાની બપોર 'પણ હાચું બોલજો મારા કે તમારામાંથી કેટલાએ આ 'ઉનાળુ બપ્પોર' પર નિબંધ લખવાનું સાહસ કરેલું ? બોલો બોલો...ટેલ ટેલ...! જવાબ 'ના' આપ્યા પછી હવે આંખ મીચીને તમે વિતાવેલા અનેકો ઉનાળાની બપ્પોર યાદ કરી જુઓ, તમને થશે કે સાલ્લુ આપણે ધારીએ છીએ એટલી બધી પણ ભયંકર ઉનાળાની બપોર કે ઈવન આખોયે ઉનાળો ક્યારેય હતો જ નહી હો...! આપણે શિયાળાને રોમાન્સની ઋતુ અને ચોમાસાને પ્રેમની ઋતુનો સ્ટેમ્પ લગાવી દીધો છે પણ ઉનાળાનું શું ? એ કઈ ઋતુ ? શેની ઋતુ ? એનો કોઈ સ્ટેમ્પ-બેમ્પ ખરો કે નહિ...? હજુ તો ગરમી પડવાની શરૂઆત થાય કે તરત જ ચારેકોર એક જ વાત 'આટલી બધી ગરમી હોય ? હવે તો વરસાદ આવે તો સારું'...અલ્યા, તમારે શીયાળા પછી સીધું એમ ને એમ ચોમાસું જ જોઈએ ? ઉનાળો આવ્યો એનો કાઈ હરખ જ નહિ ? બચાડાને આમ ગરમી-ગરમી કરી કરીને વગોવ્યા જ કરવાનો....?

ઓકે આ ઉનાળાની બપ્પોરને જરાવાર દુર કરીને કોન્સન્ટ્રેટ કરીએ ઓન્લી ઉનાળા પર...! આપણે હજુયે નસીબદાર છીએ કે આપણને ઓલમોસ્ટ ટાઈમસર ત્રણેય ઋતુઓનો લાભ મળે છે. આપણે ત્યાં 'શિયાળાની સવાર', 'ઉનાળાની બપોર' અને 'ચોમાસાની સાંજ' એમ કહેવાય છે. શિયાળાની મજ્જા વિષે તો વધુ કશું કહેવા જેવું જ નથી અને ચોમાસાની સાંજ પોતે જ પોતાનું રોમેન્ટિકપણું છતું કરે છે ત્યારે હવે વધી ઉનાળાની બપ્પોર..! આપણે શિયાળો અને ચોમાસા વિષે વગર માઈકે લાંબુ લેકચર ઠબકારી શકીએ એમ છીએ પણ એવો જ અદમ્ય ઉત્સાહ ઉનાળા વિષે વ્યક્ત કરવાનો આવે તો એક લીટીમાં બોલીને હુંસ્સસ થઈ જઈએ '' ભૈસાબ બહુ ગરમી પડે છે હોં...નીતરી રહ્યા આખેઆખા....'' ! બસ ને ? આપણને ઉનાળો એટલે ગરમી અને ગરમી એટલે ઉનાળો આ બે જ વ્યાખ્યા આવડી ગઈ છે. શિયાળાના સ્વેટર ને ધાબળા જેટલો જ પ્રેમ આપણે સદરા ને ગંજીને નથી કરતા. ઉનાળો આવી ગયો હોય તોય હજુ અડદિયા અને પાકના વખાણ કરવામાંથી ઊંચા નથી આવતા પણ સામે એ જુઓ ને કે કેરીનો મસ્ત મીઠો રસ અને એય ને જીરું-મીઠું નાખેલી મોળી મજ્જાની છાસ પણ ક્યાં કમ છે ??? શિયાળાના રંગબેરંગી ફૂલોની જમાત સામે એય ને ચારેકોર ખુલીને ખીલેલો એક કેસુડો જ કાફી લાગે..ને લટકામાં ગુલમોહર તો ખરો જ !! ચારેકોર એકાત્મ્દાવાદ... હર તરફ કેસરિયા હી કેસરિયા...! હા શિયાળાની સરખામણીએ ભાણામાં અને રસ્તા પર લીલોતરી થોડી ઓછી દેખાતી હોય તો શું થયું ? પાનખરના સંતાપ ભોગવતા કોઈ અઘોરી સાધુની જેમ હાલ્યા-ચાલ્યા વગર ખોડાયેલા સુક્કાભઠ્ઠ ઝાડવાઓની રમ્યતા પણ કાઈ ઓછી દેખાય છે...? અને હા આ સુક્કીભત્ઠ જમાતના એકમાત્ર ઓલ ઈન વન લીડર લીમડાનો વૈભવ શિયાળાની બધીયે લીલોતરી કરતા એક વેંત વધુ દેખાવાનો. આ દોઢ ને બે ટનના એસા-ફેસા તો કાળા માથાના માનવીની દેન છે બાકી લીમડો એ ઉનાળાનું કુદરતી અને ઓથેન્ટિક એ.સી. છે એવું ભગવદગીતામાં નોંધવાનું રહી ગયેલું જેથી અહી લખ્યું છે..! ભલે ને દર ઉનાળે જેમ જેમ ગરમીનો પારો ઉંચો જતો જાય એમ એમ ઘરેઘરે એસી અને કુલર ફીટ થવાની સંખ્યામાં વૃદ્ધિ થતી જાય પણ બાપ લીમડાની ઠંડકનો મુકાબલો તો આ ભડભડ ફરતા મશીનું ક્યારેય નહિ જ કરી શકે એ હકીકત છે...!

ઉનાળો ના ગમતો હોય તો નસીબ તમારા પણ હકીકત એ છે કે ઉનાળો છે તો બાકીના બે છે, આઈ મીન શિયાળો અને ચોમાસું..! યસ્સ, ઉનાળાની ગરમી છે તો આપણને હૈયે એમ થાય કે બાપ્પા આના કરતા તો ટાઢ સારી...! ગરમી એ વાતનો અહેસાસ કરાવે છે કે શિયાળાની આકરી ઠંડી વધુ સહ્ય હતી કે પછી વધુ તત્વજ્ઞાન ની વાતુંમાં ઊંડા ઉતરીએ તો એમ કહી શકાય કે ઉનાળો આપણને સુખ અને દુખ શું છે એ બતાવે છે..! અમથુય માણહની જાય્ત જરાક જેટલીય તકલીફ ભોગવી નો શકે..બૌ ઠંડી પડે તો શિયાળાને ચોપડાવે ને બૌ વરસાદ પડે તો ચોમાસાનો વારો પણ સૌથી વધુ તો ઉનાળાને જ પડે..! પણ હકીકત એ છે કે એ જ અંગ દઝાડતી ગરમી જો પડે નહિ ને સાહેબ તો વરસાદની ગાડી લેટ થઈ જવાના પુરેપુરા ચાન્સીસ. જી હા, શાસ્ત્રોમાં લખ્યું છે ને કે દનૈયા તો તપ્યા ભલા. જેટલી વધુ ગરમી પડે એટલી વધુ જલ્દી વરસાદની શક્યતા. આ મેં ને તમે નહિ પણ કુદરતે સેટ કરેલું કેલેન્ડર છે. ભલે અત્યારના જમાનામાં ગ્લોબલ વૉર્મિંગના પાપે કઈ સીઝન ક્યારે અને ક્યાં સુધી રહેશે એનું કાઈ નક્કી નથી રહ્યું પણ હકીકત છે કે બફા એટલા નફ્ફા...!

ભલે શિયાળાને સલામ મારો કે ચોમાસાને ચિચિયારીઓથી વધાવો પણ ઉનાળા પાસે પોતાની આગવી અને એકમેવ સોલીડ ટીમ છે કે જે ઋતુઓની આઈપીએલ થાય ને તો ચોક્કસ ગમે એને ટક્કર આપી શકે..! શીયાળા પાસે ઓપનીંગ સ્લોટમાં જો સંતરા જેવા ફળો હોય તો ઉનાળા પાસે એકે હજારા સમ્રાટ-એ-શહેનશાહ ' કેરી '...' ધ મેંગો ' છે. જી હા ઉનાળાની ટીમનો આ ક્રીસ ગેલ ગાભા છોતરા કાઢી નાખે. કેરીના રસનું નામ લેતા જ મો માં મધમીઠી ફ્લેવર માંડે ફરવા. કેરીનો ઠંડો રસ ઉનાળા સિવાય ક્યાં પીવાની મજા આવે ? ભલેને હવે બારેમાસ કેરી મળતી થઈ ગઈ હોય તો પણ બળબળતા બપોરે ઠંડો રસ અને ફૂલકા રોટલી જેવું જમણ તો સ્વર્ગલોકમાં પણ નહિ મળતું હોય...! ઉનાળાની આ આઈપીએલ ટીમમાં ખાલી કેરી જ શુકામ આખી ટીમ દમદાર છે આ જુઓ બહારથી કડક ને લીલાપણ અંદરથી એકદમ અમૃતનો ખજાનો એવા મસ્ત તરબૂચ... અદ્‌ભૂત શીતળતા આપતી કાળી-લીલી દ્રાક્ષ... કાનુડાના કલર જેવા જાંબલી જાંબુ...આમ ચીકણી પણ સ્વાદમાં મીઠી રાયણ....બહારથી ગુલાબી ઝાંય ધરાવતી બરછટ છાલવાળી પણ અંદરથી નાજુક અને કોમળ મોગરાના રંગ જેવી લીચી... ફાલસા.... ખટ્ટઆમળા, તરબુચના ફેમીલી કનેક્શનવાળી સક્કરટેટી... ઔર નાં જાને ક્યાક્યા! છે ને સોલીડ ટીમ...!

અને હા સૌથી સુપર ડુપર એટલે ઉનાળુ વેકેશન..! શિયાળુ વેકેશન તો ટૂંકું હોય ને એમાયે પાછા તહેવારો દિવસો ખાઈ જાય ને ચોમાસામાં વેકેશનને શું ધોઈ પીવાનું એટલે ઉનાળુ વેકેશન નું મહત્વ જોરદાર..! એક

અનુસંધાન પાના નં. ૭ પર